તા. 15-03-2024, સમય : બપોરે 1.20(નેશનલ)

# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 17-03-2024 બપોરે : 1.20થી 1.30

વાર : રવિવાર નેશનલ સમાચાર

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુડિયા** વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશની મુલાકાતે છે. તેઓ પલનાડુ જિલ્લામાં એનડીએની ચૂંટણી  બેઠકમાં  હાજરી આપશે.
- ✓ વિદેશ મંત્રી ડો. એસ જયશંકરે ભારતે ચીનનો સામનો કરવા માટે ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરીને સ્થાનિક સ્તરે તૈયાર રહેવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે.
- ✓ રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિ કાંતદાસે કહ્યું છે કે, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ AIના આગમન સાથે, સાયબર સુરક્ષાના પડકારોમાં અનેક ગણો વધારો થઈ શકે છે.
- ✓ ભારતીય નૌકાદળે સોમાલિયન ચાંચિયાઓ દ્વારા અપહરણ કરાયેલા કાર્ગો જહાજ M.V રૂએનના 17 ક્રૂ સભ્યોને સફળતાપૂર્વક બચાવ્યા છે અને તમામ 35 સોમાલિયન ચાંચિયાઓને પકડી લીધા છે.
- ✓ આઇસલેન્ડના રેનેસપેનિનસુલા પર જ્વાળામુખી ફાટવાથી દક્ષિણ આઇસલેન્ડમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે.
- ✓ મહિલા પ્રીમિયર લીગની ફાઇનલ મેચમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલોરનો સામનો દિલ્હી કેપિટલ્સ સામે થશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

તા. 15-03-2024, સમય : બપોરે 1.20(નેશનલ)

# Modi Andhra Pradesh today

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે આંધ્રપ્રદેશની મુલાકાતે છે. તેઓ પલનાડુ જિલ્લામાં એનડીએની ચૂંટણી  બેઠકમાં  હાજરી આપશે.

મીડિયાને સંબોધતા, પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડેએ જણાવ્યું હતું કે, મોદીની આગેવાની આ  હેઠળની બેઠક પલનાડુના ચિલાકાલુરી પેટામાં યોજાશેટીડીપીના વડા એન .. ચંદ્રબાબુ નાયડુ અને જનસેનાના વડા પવન કલ્યાણ પણ આ બેઠકમાં ભાગ લેશે.

ઉલ્લેખનીય છે કે, ગઠબંધનના ત્રણ પક્ષો ટીડીપી, જનસેના અને ભાજપ 10 વર્ષ પછી મળી રહ્યા છે. શ્રી મોદી, શ્રી  નાયડુ અને  શ્રી કલ્યાણ લાંબા સમય બાદ એક જ ચૂંટણી મંચ પર જોવા મળશે. એનડીએના સાથી પક્ષોએ 11મી માર્ચે યોજેલી ચર્ચા બેઠક બાદ લોકસભા અને રાજ્યની ચૂંટણીઓ માટે સીટવહેંચણીની ફોર્મ્યુલાને અંતિમ સ્વરૂપ આપ્યું હતું-.

જે હેઠળ ભાજપ છ લોકસભા અને 10 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડશે. જ્યારે ટીડીપી 17 સંસદીય અને 144 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડશે. જનસેના બે લોકસભા અને 21 વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડશે.

# JAISHANKAR – CONCLAVE

વિદેશ મંત્રી ડો.  એસ જયશંકરે ભારતે ચીનનો સામનો કરવા માટે ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરીને સ્થાનિક સ્તરે તૈયાર રહેવાની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો છે.

પત્રકારો દ્વારા આયોજિત એક પરિષદમાં બોલતા તેમણે કહ્યું, ચીન સાથે વ્યવહાર કરવો હોય તો આપણી પાસે સ્થાનિક ઉત્પાદન આધારિત અર્થવ્યવસ્થા હોવી જરૂરી છે. તેમણે કહ્યું કે, છેલ્લા દાયકામાં જ ભારતે ચીનને ટક્કર આપવા માટે તેના ઉત્પાદન ક્ષેત્ર પર ધ્યાન કેન્દ્રિત કરવાનું શરૂ કર્યું હતું. તેમણે ગલવાન અથડામણ બાદ ચીન સાથેના સંબંધોમાં સમયાંતરે તણાવ વધ્યો હતો તેમ પણ જણાવ્યું હતું.

# RBI

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ગવર્નર શક્તિ કાંતદાસે કહ્યું છે કે, આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ AIના આગમન સાથે, સાયબર સુરક્ષાના પડકારોમાં અનેક ગણો વધારો થઈ શકે છે.

ગઈકાલે મુંબઈમાં આરબીઆઈ લોકપાલની વાર્ષિક પરિષદમાં બોલતા તેમણે નાણાકીય સંસ્થાઓને ગ્રાહકોની માહિતીના રક્ષણ માટે નોંધપાત્ર પ્રયાસો કરવા આહ્વાન કર્યું હતું. ગ્રાહક કેન્દ્રિતતા અને ગ્રાહક સુરક્ષાના વિષય પર બોલતા તેમણે જણાવ્યું હતું કે, નાણાંકીય ઇકોસિસ્ટમના હિસ્સેદારો તરીકે, વધતા ગ્રાહક આધારને વાજબી અને ટકાઉ ઉત્પાદનો અને સેવાઓ આપવામાં આવે તે આવશ્યક છે.

# ED-KEJRIWAL

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ ED એ દિલ્હી જળ બોર્ડમાં કથિત અનિયમિતતા અંગેના મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને સમન્સ પાઠવ્યા છે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા પ્રમાણે તેમને

આવતીકાલે તપાસ એજન્સી સમક્ષ હાજર થઈને તેમનું નિવેદન નોંધવા કહેવામાં આવ્યું છે.

ઇડીએ દિલ્લી જળ બોર્ડ કેસમાં દિલ્હી સરકારના આ વિભાગ દ્વારા જારી કરાયેલા કોન્ટ્રાક્ટ માંથી મળેલી રકમ AAPને ચૂંટણી ભંડોળ તરીકે આપવામાં આવી હોવાનો આરોપ મૂક્યો છે. ગયા મહિને, એજન્સીએ આ તપાસના ભાગરૂપે શ્રી કેજરીવાલના અંગત મદદનીશ સહિત કેટલાક અન્ય લોકોના ઘર પર દરોડા પાડ્યા હતા. સીબીઆઈની એફઆઈઆરમાં દિલ્લી જળ બોર્ડના ભૂતપૂર્વ ચીફ એન્જિનિયર જગદીશ કુમાર અરોરાએ કંપની ટેકનિકલ પાત્રતાના માપદંડોને પૂર્ણ ન કરતી હોવા છતાં કુલ 38 કરોડ રૂપિયાના ખર્ચે એનકેજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડને બોર્ડનો કોન્ટ્રાક્ટ આપ્યો હોવાનો આરોપ મુકાયો છે. ઇડીએ જાન્યુઆરીમાં આ કેસમાં અરોરા અને અનિલ કુમાર અગ્રવાલ નામના કોન્ટ્રાક્ટરની ધરપકડ કરી હતી.

ઉલ્લેખનીય છેકે શ્રી કેજરીવાલ ઉપર મની લોન્ડરિંગ એક્ટ હેઠળ આ બીજો કેસ નોંધાયો છે જેમાં કેજરીવાલને સમન્સ પાઠવવામાં આવ્યા છે. ઇડી એ આ મહિનાની 21મી તારીખે એક્સાઇઝ પોલિસી કેસમાં કેજરીવાલને હાજર થવા માટે નવમી નોટિસ મોકલી છે.

# NAVY CAPTURES SOMALI PIRATES

ભારતીય નૌકાદળે સોમાલિયન ચાંચિયાઓ દ્વારા અપહરણ કરાયેલા કાર્ગો જહાજ M.V રૂએનના 17 ક્રૂ સભ્યોને સફળતાપૂર્વક બચાવ્યા છે અને તમામ 35 સોમાલિયન ચાંચિયાઓને પકડી લીધા છે.

તા. 15-03-2024, સમય : બપોરે 1.20(નેશનલ)

નૌકાદળે જણાવ્યું છે કે, INS કોલકાતાએ અપહૃત જહાજને ભારતીય દરિયાકાંઠાથી લગભગ 2 હજાર 600 કિલોમીટર દૂર રોકવા માટે દબાણ કર્યું હતું. ચાલીસ કલાકના આ ઓપરેશન માટે યુદ્ધ જહાજ INS સુભદ્રા, હાઈ એલ્ટિટ્યુડ લોંગ એન્ડ્યુરન્સ ડ્રોન, પેટ્રોલિંગ એરક્રાફ્ટ અને માર્કોસ પ્રહારની મદદ લેવામાં આવી હતી. માલ્ટિઝ ધ્વજવાળા આ જહાજને ગયા વર્ષે ડિસેમ્બરમાં યમનના સોકોત્રા ટાપુ નજીક અપહરણ કરાયું હતું.

યુરોપિયન યુનિયનના નૌકાદળે શંકા વ્યક્ત કરી છે કે, આ અઠવાડિયાની શરૂઆતમાં, સોમાલિયાના દરિયાકાંઠે બાંગ્લાદેશી ધ્વજવાળા કાર્ગો જહાજ પર નિયંત્રણ માટે એમ વી રૂએનનો જ ઉપયોગ કરાયો હતો. એક દાયકાથી વધુ સમયથી સોમાલિયાના ચાંચિયાઓ મહત્વપૂર્ણ વૈશ્વિક જળમાર્ગોમાં અશાંતિનું કારણ બની રહ્યા છે. ડિસેમ્બર 2023થી આ જળમાર્ગો પર અપહરણ અને અપહરણના પ્રયાસની ઓછામાં ઓછી 17 ઘટનાઓ નોંધવામાં આવી છે.

# ICELAND VOLCANO EMERGENCY

આઇસલેન્ડના રેનેસપેનિનસુલા પર જ્વાળામુખી ફાટવાથી દક્ષિણ આઇસલેન્ડમાં કટોકટીની સ્થિતિ જાહેર કરવામાં આવી છે. ગત ડિસેમ્બર બાદ આ દ્વીપકલ્પ પર આ ચોથી વાર જ્વાળામુખી ફાટ્યો છે.

જ્વાળામુખીના વિસ્ફોટથી હવામાં પ્રચંડમાત્રામાં ધુમાડો અને લાવા ફેલાયો હતો. તેને ધ્યાનમાં રાખીને લોકપ્રિય પર્યટન સ્થળ બ્લુ લગૂન સહિત આસપાસના વિસ્તારોને ખાલી કરાવવામાં આવ્યા છે. જો કે, કેફલાવિક સહિત

તા. 15-03-2024, સમય : બપોરે 1.20(નેશનલ)

આઇસલેન્ડના અન્ય એરપોર્ટ પર વિમાન સેવા સામાન્ય રહી છે. ઉલ્લેખનીય છે કે, અહી પૃથ્વી પરના કેટલાક સૌથી સક્રિય જ્વાળામુખી છે.

# Haryana boiler explosion

હરિયાણાના રેવાડીમાં ગઇકાલે સાંજે એક ફેક્ટરીમાં થયેલા બોઈલર વિસ્ફોટમાં લગભગ 40 લોકો ઘાયલ થયા છે.

આ ઘટના શહેરના ધરુહેરા વિસ્તારમાં બની હતી. રેવાડીના સિવિલ સર્જન ડૉ. સુરેન્દ્ર યાદવે જણાવ્યું કે, ફેક્ટરીમાં બોઈલર ફાટવાની ઘટનામાં ઘણા લોકો દાઝી ગયા છે અને લગભગ 40 લોકો ઘાયલ થયા છે. એક વ્યક્તિની હાલત ગંભીર છે અને તેને રોહતક રીફર કરવામાં આવ્યો છે. ઘાયલોને રેવાડીના સર શાદીલાલ ટ્રોમા સેન્ટરમાં દાખલ કરવામાં આવ્યા છે અને હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ નથી. વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે.

# WPL CRICKET

મહિલા પ્રીમિયર લીગની ફાઇનલ મેચમાં આજે રોયલ ચેલેન્જર્સ બેંગલોરનો સામનો દિલ્લી કેપિટલ્સ સામે થશે. મેચ નવી દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે સાંજે 7:30 વાગ્યે શરૂ થશે.

ઉલ્લેખનીય છે કે, સ્મૃતિ મંધાનાની આગેવાની હેઠળની RCBએ શુક્રવારે એલિમિનેટરમાં મુંબઈ ઈન્ડિયન્સને પાંચ રનથી હરાવ્યું હતું. મેગ લેનિંગની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સે ટુર્નામેન્ટમાં આઠમાંથી છ મેચ જીતી છે. જ્યારે, રોયલ ચેલેન્જર્સ માત્ર ચાર મેચ જીતી શક્યું હતું.

# BADMINTON

બેડમિન્ટનમાં, ભારતના લક્ષ્ય સેન ગઇકાલે ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશીપના મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં ઈન્ડોનેશિયાના જોનાટન ક્રિસ્ટી સામે 1-2 હારી ગયા છે.

લક્ષ્ય સેન બીજી ગેમમાં પુનરાગમન કરવામાં સફળ રહ્યો હતો, પરંતુ અંતિમ મેચમાં તે નિષ્ફળ ગયો હતો. આ પહેલા ઈન્ડોનેશિયાના સ્ટાર શટલર એન્થોની ગિંટીંગે બર્મિંગહામમાં ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. આજે ગિન્ટિંગ હવે જોનાટન ક્રિસ્ટી સામે ટકરાશે. ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં 1994 પછી પ્રથમ વખત ઓલ ઈન્ડોનેશિયન ફાઈનલ થશે.

# ATHLETICS

ભારતીય ખેલાડી ગુલવીર સિંહે ગઈ કાલે કેલિફોર્નિયાના સાન જુઆન કેપિસ્ટ્રાનોમાં પુરૂષોની 10 હજાર મીટરની દોડમાં બીજું સ્થાન મેળવ્યું હતું. ગુલવીરે આ રેસ 27 મિનિટ અને 41.81 સેકન્ડમાં પૂરી કરીને 16 વર્ષ જૂનો રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો હતો. જો કે તે પેરિસ ઓલિમ્પિક ગેમ્સ માટે ક્વોલિફાય કરી શક્યો ન હતો.

# DJOKOVIC MIAMI OPEN

વિશ્વના નંબર વન ટેનિસ ખેલાડી સર્બિયાના નોવાક જોકોવિચે મિયામી ઓપન ટેનિસ ટૂર્નામેન્ટમાંથી પોતાનું નામ પાછું ખેચી લીધું છે. જોકોવિચ છ વખત મિયામી ઓપન જીતી ચૂક્યા છે.

જોકોવિચે સોશિયલ મીડિયાના માધ્યમથી તે પોતાના અંગત જીવન અને વ્યાવસાયિક વ્યસ્તતાઓને સંતુલિત કરવાનો પ્રયાસ કરી રહયો હોવાનું કહયું હતું. અમેરિકાના ફ્લોરિડામાં મંગળવારથી મિયામી ઓપન શરૂ થશે અને ફાઈનલ 30મી માર્ચે રમાશે.

# IMD-WEATHER

પશ્ચિમ બંગાળના ગંગાના વિસ્તારોમાં આજે કરા અને વાવાઝોડાની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી ચાર દિવસ સુધી આ વિસ્તારમાં ગાજવીજ, વીજળી અને ભારે પવન સાથે વરસાદની સંભાવના છે. ઝારખંડ, ઓડિશા, વિદર્ભ, છત્તીસગઢ અને પૂર્વ મધ્ય પ્રદેશમાં પણ 20 માર્ચ સુધી વાવાઝોડાં, વીજળી અને ભારે પવન સાથે છૂટોછવાયો વરસાદ થવાની સંભાવના છે.

આ સમયગાળા દરમિયાન વિદર્ભ, પૂર્વ મધ્યપ્રદેશ અને છત્તીસગઢમાં પણ કરા પડવાની શક્યતા છે. મંગળવારે ઓડિશા અને છત્તીસગઢમાં ભારે વરસાદની શક્યતા છે. આવતીકાલ અને મંગળવારે પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં હળવો વરસાદ અને હિમવર્ષા થવાની સંભાવના છે.

# FLNAT EXAM

નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ આજે 23 રાજ્યોમાં મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાના મૂલ્યાંકન કસોટી – FLNAT યોજાશે. કેન્દ્રીય શિક્ષણ મંત્રાલયે કહ્યું છે કે, લગભગ 37 લાખ વિદ્યાર્થીઓ આ મહત્વપૂર્ણ દેશવ્યાપી

મૂલ્યાંકન પરીક્ષામાં ભાગ લેશે. FLNAT તમામ સહભાગી રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના તમામ જિલ્લાઓમાં હાથ ધરવામાં આવશે. મૂલ્યાંકન કસોટી ત્રણ વિષયોને વાંચન, લેખન અને સંખ્યા જ્ઞાનને આવરી લે છે.

મંત્રાલયે કહ્યું છે કે, આ પરીક્ષા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020ના આધારે તમામ વિદ્યાર્થીઓની પ્રાદેશિક ભાષાઓમાં લેવામાં આવશે. આ વખતે ચંદીગઢ, પુડુચેરી, લક્ષદ્વીપ અને ગોવા FLNAT દ્વારા 100 ટકા સાક્ષરતા જાહેર કરી શકે છે. નવભારત સાક્ષરતા કાર્યક્રમ હેઠળ આયોજિત શિક્ષણ-અધ્યયન સત્રોની અસરનું મૂલ્યાંકન કરવા માટે આ કસોટી મહત્વપૂર્ણ છે.

આ પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓને પાયાની સાક્ષરતા અને સંખ્યાના કૌશલ્યોની પ્રાપ્તિ અંગે પ્રમાણપત્રો આપવામાં આવશે.